# ભિલોડા તાલુકામાં દિપડાનો આતંક : પ્રજા રામભરોસે

## જલારામ કંપા ગામમાં નીલ ગાયનું મારણ કરતાં પશુપાલકો અને ખેડુતોમાં ભારે ફફડાટ : રામનગર પાસે બાઈકસવાર શિક્ષક પર હુમલો : વન વિભાગ દ્વારા પાંજરૂ મુકાયું પરંતુ દિપડો ઝડપાયો નથી



ભિલોડા,તા. ૧૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જલારામ કંપા, વસાઈ, ગુલાબપુરા, વણઝર, ભેટાલી, રામનગર, કરણપુર, મોટી બેબાર, જનાલી, શોભાયડા, વાંસેરા કંપા, સુનોખ પંથકમાં દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં પશુ પાલકો ભયભીત બન્યા છે. જલારામ કંપા ગામના સીમ વિસ્તારમાં ગત મધ્ય રાત્રે નીલ ગાયનું મારણ કરતાં પશુપાલકો અને ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાયો છે. રામનગર ગામ પાસે ખુંખાર દિપડાએ જનાલી ગામના બાઈક સવાર ગડાદર હાઈસ્કુલના શિક્ષક બાબુભાઈ પટેલ ઉપર ગત રાત્રે ૮:૩૦ વાગ્યાના સુમારે હુમલો કરતાં બાઈક ઉપર ઉપરથી ફંગોળાયા હતા.બાબુભાઈના હાથ અને પગના ભાગે ઈજાઓ તેમજ શરીર ઉપર વત્તા-ઓછા પ્રમાણમાં ઘવાયા હતા ત્યારે સારવાર અર્થે ખસેડાયા હતા. શામળાજી વન વિભાગ ધ્વારા રામનગર ગામમાં ખુંખાર દિપડાને ઝડપી લેવા પાંજરૂ મુંકાયું પરંતુ આજ દિન સુધી ખુંખાર દિપડો ઝડપાયો નથી ત્યારે પશુપાલકો, ખેડુતો અને પ્રજાજનોમા ભારે ફફડાટ ફેલાયો છે. વન વિભાગના જવાબદાર અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા હોવાનું લોકમુખે ચર્ચાય છે.

ભેટાલી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ શંકરભાઈ કોદરભાઈ પ્રજાપતીના જણાવ્યા મુજબ જલારામ કંપા પાસે ગણપતભાઈ પટેલના ખેતર નજીક ડુંગરની તળેટીના સીમવિસ્તારમાં વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાએ ગત મધ્યરાત્રે એક નીલ ગાયનું મારણ કરતાં પશુપાલકો અને ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાયો છે. જલારામ કંપામાં દિપડાને ભગાવવા માટે ખેડુતોએ ફટાકડાની આતશબાજી કરી ત્યારે દિપડો ઉભી પુંછડીએ દોટ મુકી દોડ્યો હતો ત્યારે ખેડુતોએ હાશકારો અનુભવ્યો હતો.

જલારામ કંપા ભેટાલી, રામનગર, કરણપુર, વણઝર,નાની બેબાર રામનગર ગામ સહિત આજુ-બાજુના ગ્રામ્યવિસ્તારમાં વન્ય હિંસક પ્રાણી ખુંખાર દિપડાનો આતંક દિન-પ્રતિ-દિન વધતાં પશુ-પાલકો, ખેડુતો અને પ્રજાજનોમાં ભારે ભય રાત દિન સતાવી રહ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે રામનગર ગામના પશુપાલક ધુળીબેન ડાહ્યાભાઈ પટેલના તબેલામાં બાંધેલી એક વર્ષની પાડીને દિપડાએ શિકાર બનાવી મારણ કરતાં પશુપાલકો ભયભીત હતા ત્યારે વન વિભાગના અધિકારીઓ ધ્વારા રામનગર ગામના સીમવિસ્તાર પાસે ખુંખાર દિપડાને ઝડપી લેવા માટે પાંજરૂ મુંકાયું હતું.ખુંખાર દિપડાએ કરણપુર ગામમાં મધ્યરાત્રે એક નીલ ગાયનું મારણ કરતાં પશુપાલકો, ખેડુતો, ખેતમજુરોમાં ભયની લાગણી ઉદ્ભવી છે.

ભેટાલી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ શંકરભાઈ પ્રજાપતી અને ગ્રામજનોએ ભેટાલી વન વિભાગના જવાબદાર અધિકારીઓને જાણ કરતાં તાબડતોબ વન વિભાગનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો.જલરામ કંપા, ભેટાલી, રામનગર, કરણપુર, વણઝર, નાની બેબાર પંથકમાં છેલ્લા છ મહિનાથી ખુંખાર દિપડો આતંક મચાવી રહ્યો છે.

રામનગર ગામના યુવા સામાજીક કાર્યકર સંકેતભાઈ ચૌધરીએ અરવલ્લી જીલ્લા ડી.એફ.ઓ. અનુરાધા શાહુ અને શામળાજી વન વિભાગમાં વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરી છે.વન વિભાગના આર.એફ.ઓ. કે. એમ. ડામોરએ ખુંખાર દિપડાને સત્વરે ઝડપી લેવા પાંજરૂ મુંકાયું હતું પરંતુ આજ દિન સુધી દિપડો પાંજરે પુરાયો નથી ત્યારે પશુપાલકો અને ખેડુતોમાં ભારે ફફડાટ ફેલાયો છે. આ વિસ્તારના ડુંગરની આજુ-બાજુ તારની ફેંસીંગ વાડ બનાવવા માંગ છે.

ભેટાલી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ શંકરભાઈ પ્રજાપતી અને ખેડુતોએ જણાવ્યું હતું કે ભેટાલી અને કરણપુર ગામ,જલારામ કંપા ગામના સીમાડાઓમાં વન વિભાગ ધ્વારા ખુંખાર દિપડાને ઝડપી લેવા માટે સત્વરે પાંજરૂ મુંકાય તેવી યોગ્ય વ્યવસ્થા કરવા ભલામણ કરેલ છે.

ખેડુતોએ જણાવ્યું હતું કે એક તરફ ચોમાસાની સિઝનમાં સીમવિસ્તારોમાં વાવણી કરેલા પાકોનું નીલ ગાય અને ભુંડ રાત્રે ખેતરોમાં ભેરાણ કરતાં હોવાથી ખેડુતોને રખવાડું કરવા માટે ખેતરોમાં રહેવું પડતું હોય છે ત્યારે ખુંખાર દિપડાએ આતંક મચાવતાં ખેડુતો,પશુ પાલકો અને શ્રમજીવીઓમાં ભારે ફફડાટ ફેલાતાં સીમવિસ્તારો તરફ અવર-જવર કરવામાં ભારે ગભરાટ અનુભવી રહ્યા છે.



# મોડાસા બાયપાસ પર દારૂ ભરેલી ગાડી પલ્ટી મારી જતાં ગ્રામજનોએ લૂંટ ચલાવી

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના બાયપાસ ઉપર દેવરાજધામની નજીક એક વિદેશી દારૂ ભરેલી ગાડી પલ્ટી મારી જતા નીચે દબાઈ જવાના કારણે બુટલેગરનું પણ મોત થયું છે. જ્યારે આ ગાડીમાં ભરેલો ૨ લાખ રૂપિયા જેટલો વિદેશી દારૂ લોકો લુંટી ગયા છે. આમ ગૃહમંત્રીના રાજમાં જ ઘટનાઓ બનતા પોલીસની આબરૂના ધજાગરા ઉડ્યા છે.



અરવલ્લી જિલ્લાના દેવરાજધામ આગળથી પસાર થતા શામળાજી-ગોધરા હાઈવે પર રાજસ્થાન તરફથી કારણોસર એકાએક પલ્ટી મારી જતા તેમા બેઠેલ અજાણ્યો બુટલેગર દબાઈ જતાં ચગદાઈ જતા મૃત્યુ પામ્યો હતો. આ ઘટના બનતા રોડ પર શરાબની સુવાસ ફેલાતા આજુબાજુના લોકો દોડી આવી વિદેશી શરાબની રીતસરની લૂંટ ચલાવી હતી.

ટાટા-સુમો જેવી ગાડીમાં અંદાજે ૨ લાખથી વધુ રકમનો શરાબ આવે તે બધોજ પળવારમાં લૂંટાઈ ગયો હતો અને મોડે મોડે પહોંચેલી પોલીસના ભાગમાં માત્ર ૫ બોટલ તથા ખાલી ખોખાજ આવ્યા હતા. આમ અરવલ્લી જિલ્લાના પ્રભારી ગૃહમંત્રી રજની પટેલના રાજમાં જ આ ઘટના બનતા પોલીસની આબરૂના લીરેલીરા ઉડ્યા છે. જ્યારે આવતી કાલે જિલ્લા કોર્ટના ઉદ્ઘાટનમાં મુખ્યમંત્રી આવતા હોવા છતાં સઘન પોલીસ બંદોબસ્ત છતાં બુટલેગરો પોલીસના હપ્તારાજમાં ધોળે દિવસે પણ દારૂની હેરાફેરી કરતા અચકાતા નથી તે વિચારવાલાયક બાબત છે.

## હિંમતનગરના શારદાકુંજમાંથી કાર ચોરાઇ

હિંમતનગર, તા. ૧૬

સાબરકાંઠા જીલ્લામાં હિમતનગરના શારદાકુંજમાં રહેતા નીતાબેન લલીતભાઈ બરોટની કાર નં. જી.જે. ૭. એચ.૫૪૭૨ ની તા. ૧૪ થી ૧૫ જુલાઇ દરમિયાન અજાણ્યા શખ્સો રૂ. ૫૦ હજારની કિંમતની કારની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા નીતાબેન બારોટે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ શુક્રવારે હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## હિંમતનગરમાંથી નવજાત મૃત શિશુ મળ્યું

સાબરકાંઠા જીલ્લામાં હિમતનગરના બસ સ્ટેન્ડ પાસેના નાળામાંથી શનિવારે સવારે કાગળમાં વીંટી ત્યજી દેવાયેલ એક મૃત નવજાત શિશુ મળી આવ્યું હતું. જે અંગે સ્થાનિક લોકોને ખબર પડતા તરત જ ૧૦૮ ને જાણ કરી હિંમતનગર સીવીલમાં લઈ જવાયું હતું. ત્યારબાદ બી-ડીવીઝન પોલીસે મૃત શિશુનો કબ્જો લઈ તેના ડીએનએ ટેસ્ટ માટેની કાર્યવાહી શરૂ કરાઇ હતી.

# પ્રાંતિજ ખાતે કચરો ખાલી ન કરાતા પેટીની બહાર કચરાના ઢગ ખડકાયા

પ્રાંતિજ, તા. ૧૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકા પોતાની કામગીરીમાં એક પછી એક બેકાળજી દાખવતી હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે તેનો ઉત્તમ નમુનો આ વૃંદાવન પાર્ક સોસાયટી આગળ મુકેલ કચરા પેટી ઉપરથી જોઈ શકાય છે.



છેલ્લા કેટલાંય દિવસથી પ્રાંતિજના રહિશોને પાલિકા દ્વારા આપવામાં આવતી સુવિધાઓને લઈને હમણાં જાણે એક પછી એક સુવિધાઓ પાલિકા દ્વારા નિષ્ઠા ભાવે કે નગરની ચિન્તા કર્યા વગર પોતાના પ્રજાલક્ષી કે પ્રજા ઉપયોગી કે પ્રજાહિતના કામોમાં એક પછી એક પોલ પ્રજા સમક્ષ ઉગાડી થતી જાય છે અને ચુંટાયેલ કોર્પોરેટરો દ્વારા પ્રજાહિતના કાર્યો તથા પ્રજાની પ્રાથમિકતા સુવિધાઓ આપવામાં નિષ્ફળ રહ્યા છે તેનો ઉત્તમ નમુનો પ્રાંતિજ નગરપાલિકા સિવાય બીજી કોઈ જગ્યાએ નથી ત્યારે હાલ તો પ્રાંતિજની જનતા અને કેટલાક રહીશો સુવિધાના મળતી છતાં ગાય ની જેમ ચુપકી સાંધીને બેસી રહ્યા છે ત્યારે આવનારા દિવસોમાં મૌનવ્રત તોડી રસ્તા, ગટર, પાણી, સ્વચ્છતાને લઈને ઉગ્રઆંદોલન કરે તો નવાઈ નહી ત્યારે હજુએ પાલિકા કુંભકર્ણ નિંદ્રામાંથી નહી જાગે તો આવનારા દિવસોમાં નગરજનોના તેજથી બચવું ભારે પડશે.

# ઊંઝામાં ગુજકોમાસોલના ગોડાઉનમાંથી ૯ લાખના જીરાની ચોરી

ઊંઝા, તા. ૧૬

ઊંઝા તાલુકાના ઉનાવા પોલીસ સ્ટેશનની હદમાં છેલ્લા કેટલાક વખતથી મિલ્કત વિરૂદ્ધના તેમજ શરીર સબંધી ગુનાઓનું પ્રમાણ વધી જતા કાયદો અને વ્યવસાયની સ્થિતિ કથળી જવા પામી છે.

ઉનાવા પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બાલાજી એસ્ટેટ નામના ગોડાઉનમાંથી ગત એપ્રિલ માસમાં રૂપિયા ૫,૧૪,૮૦૦ની કિંમતની મત્તાની જીરા વરિયાળીની કુલ ૬૬ બોરીઓની ઉઠાંતરી થઈ હતી. જેનો ભેદ હજી ઉકેલાયો નથી ત્યાં ગત મે માસમાં બાલાજી એસ્ટેટના ગોડાઉનમાંથી રૂપિયા નવ લાખ ઉપરાંતની કિંમતની મત્તાની જીરૂ ભરેલ ૧૧૦ બોરીઓની ચોરી થયાના બનાવની મોડેથી ફરિયાદ નોંધાયેલ છે.

બનાવની વિગત એવી છે કે, ઉનાવા હાઈવેથી સિંહી તરફ જવાના રસ્તા પર ગુજકોમાસોલની બાજુમાં આવેલ બાલાજી એસ્ટેટમાંથી કોઈ તસ્કરો જીરાની ૧૧૦ બોરીની ચોરી કરીને લઈ ગયા હતા. ચોરાયેલ માલની કિંમત રૂપિયા નવ લાખ સાડા સાત હજારની થવા જાય છે. ગત તા. ૧૦-૫-૨૦૧૬ના રોજ બનેલ આ ચોરીના કિસ્સાની જાણ ગોડાઉન ખોલવામાં આવ્યું ત્યારે થઈ હતી.

આ અંગે વિમલેશકુમાર કમલકુમાર ધીયાની ફરિયાદના આધારે ઉનાવા પોલીસે ઘરફોડચોરીનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.

# હિંમતનગર તાલુકાના પાણી, રસ્તા, બસ અને વીજ પ્રશ્નો અંગે ધારાસભ્યની રજુઆત

સાબરકાંઠા જીલ્લા સંકલન સમિતિની શનિવારે કલેક્ટરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં હિંમતનગરના ધારાસભ્ય દ્વારા તાલુકાના પાણી, રસ્તા, બસ અને વીજ પ્રશ્નો અંગે જોરદાર રજુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ કલેક્ટરે સંલગ્ન વિભાગના અધિકારીઓને આ પ્રશ્નોના નિરાકરણ માટે તાકીદ કરી હતી.

આ અંગે હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડાના જણાવાયા મુજબ શનિવારે જીલ્લા કલેક્ટર પી.સ્વરૂપના અધ્યક્ષ સ્થાને મળેલી સંકલન સમિતિની બેઠકમાં હિંમતનગર તાલુકાના દલિતોના પડતર પ્રશ્નો જેવા કે સ્મશાનની જમીન, પીવાનું પાણી, જમીન માલિકી હક્ક, એસ.ટીના પ્રશ્નો તથા કાંકરોલની ભુદાનની જમીન રેવન્યુ રેકર્ડ તથા વન વિભાગને લગતા પ્રશ્નો અંગે રજુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ જીલ્લા કલેક્ટર દ્વારા સંલગ્ન વિભાગના અધિકારીઓને આ પ્રશ્નોનું નિરાકરણ કરવા તાકીદ કરાઈ હતી.

## મોડાસાના નાની ઈસરોલ પ્રાથમિક શાળામાં તાળાબંધીને લીધે શિક્ષણ ન બગડે તે માટે

# સોમવારથી શિક્ષકોની વૈકલ્પિક વ્યવસ્થા કરાશે

## બીજા દિવસે શિક્ષકોને કંપાઉન્ડ બહાર રહેવુ પડ્યુ હતુ : શિક્ષકસંઘના પ્રમુખે દરમિયાનગીરી કરી ઉકેલ કાઢ્યો

મોડાસા, તા. ૧૬

અરવલ્લી જિલ્લામાં કાલે શુક્રવારે મોડાસાના નાની ઈસરોલની પ્રાથમિક શાળામાં શિક્ષકો વચ્ચેના ઝઘડાઓ અને મારામારીના બનાવના પગલે ગ્રામજનો દ્વારા કરાયેલ તાળાબંધી બીજા દિવસે પણ ચાલુ રહેતા શિક્ષકોને કંપાઉન્ડની બહાર જ રહેવુ પડ્યું હતું. દરમિયાન જિલ્લાશિક્ષકસંઘના પ્રમુખ તેમજ કેળવણી નિરીક્ષક આજરોજ શાળામાં દોડી આવીને દરમિયાનગીરી કરતાં આગામી સોમવાર તા. ૧૮મીથી અન્યત્રથી શિક્ષકોની વૈકલ્પિક વ્યવસ્થા કરીને શિક્ષણકાર્ય રાબેતામુજબ શરૂ કરાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે નાની ઈસરોલની પ્રાથમિક શાળામાં શિક્ષકો વચ્ચે મારામારી અને ગાળાગાળીની ઘટનાથી રોષે ભરાયેલા ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરી હતી. આજે શનિવારે પણ તાળાબંધી ચાલુ રાખીને વાલીઓએ પોતાના બાળકોને શાળાએ નહિ મોકલીને આ ઘટના સામે પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.



આ ઘટનાનો તાલુકા અને જિલ્લાકક્ષાએ પડઘો પડતા અરવલ્લી જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ હસમુખભાઈ પટેલ, તાલુકા પ્રાથમિક શિક્ષકસંઘના પ્રમુખ દોડી આવીને આજરોજ ગામલોકોની સાથે સમજાવટથી શાળામાં બાળકોનું શિક્ષણ ન બગડે તે માટે દરમિયાનગીરી કરી હતી પરંતુ ગ્રામજનો તમામ શિક્ષકોની સામુહિક બદલીથી ઓછુ કંઈ ન ખપે તે પ્રકારની ઉગ્ર માંગ મક્કમપણે ચાલુ રાખતા આવેલ હોદ્દેદારો અને અધિકારીઓએ વચગાળાના માર્ગ તરીકે અન્યત્રથી શિક્ષકોની વૈકલ્પિક વ્યવસ્થા કરીને શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવે તેવો નિર્ણય આપતાં આ બાબતે આગળ વધીને આગામી સોમવાર તા. ૧૮મીથી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે બોલુંદરા પ્રા. શાળાના બે શિક્ષકો, મોટી ઈસરોલ પ્રા. શાળાના એક અને માધુપુર પ્રા. શાળાના એક મળી ચાર શિક્ષકોની કામચલાઉ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરતાં સોમવારથી શિક્ષણકાર્ય શરૂ કરવા નક્કી થયું હતું.

આ સમયે તાલુકા કેળવણી નિરિક્ષક પણ પ્રાથમિક શાળામાં હાજર રહ્યા હતા. આમ, શિક્ષકસંઘના પ્રમુખ અને કેળવણી નિરીક્ષકની ઉપસ્થિતિમાં ગ્રામજનો સાથે કલાકો સુધીની સમજાવટ પછી હાલ પુરતો આ સમસ્યાનો ઉકેલ શોધવામાં આવ્યો હતો. પરંતુ ગ્રામજનો છેલ્લી ઘડી સુધી પણ તમામ શિક્ષકોની સામુહિક બદલી થાય તેની માંગ સાથે મક્કમ રહ્યા હતા.